CHIPS Express
પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
chipsgnd@gmail.com
અરરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૨૩ | ૨૩ ઓકટોબર, ૨૦૧૯, બુધવાર; આસો વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

આફ્રિકા સામેની શ્રેણીમાં ભારતનો ઐતિહાસિક વિજય

આફ્રિકા પર ત્રીજી ટેસ્ટમાં પણ વિજય થયો : રાંચી ટેસ્ટમાં એક ઇનિંગ્સ અને ૨૦૨ રને ભારતની શાનદાર જીત : અંતિમ ટેસ્ટના ચોથા દિવસે માત્ર નવ મિનિટમાં ભારતે બાકીના બે બેટ્સમેનોને પેવેલિયન ભેગા કરી ટેસ્ટ મેચ જીતી : રોહિત શર્મા મેન ઓફ ધ મેચ-સિરીઝ

રાંચી, તા. ૨૨

રાંચીમાં રમાયેલી ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચમા પણ ભારતે જીત મેળવીને નવો ઇતિહાસ સર્જ્યો છે. આ ટેસ્ટ મેચના આજે ચોથા દિવસે ભારતે પ્રવાસી આફ્રિકા પર એક ઇનિંગ્સ અને ૨૦૨ રને જીત મેળવી હતી. આની સાથે જ ભારતે વર્તમાન શ્રેણીમાં ક્લીન સ્વીપ કરીને શ્રેણી ૩-૦થી જીતી લીધી છે. રાંચીમાં આજે મેચના ચોથા દિવસે ભારતે જીતવા માટેની ઔપચારિકતા માત્ર બે ઓવરમાં પૂર્ણ કરી લીધી હતી. નવ મિનિટમાં જ આ બાકીના બે આફ્રિકન બેટ્સમેનોને પેવેલિયન ભેગા કરી દીધા હતા. ત્રીજા દિવસે ભારતે પ્રવાસી ટીમને ફોલોઓનની ફરજ પાડ્યા બાદ તેને મુશ્કેલીમાં મુકી દેવામાં સફળતા મેળવી હતી. ત્રીજા દિવસે જ ભારતની જીત નક્કી થઇ ગઇ હતી. કારણ કે આફ્રિકાએ ફોલોઓન થયા બાદ સંઘર્ષ કરતા કરતા આઠ વિકેટ ૧૩૨ રનમાં ગુમાવી દીધી હતી. આજે ચોથા દિવસે લુંગીગીડી આઉટ થનાર અંતિમ બેટ્સમેન હતો. છેલ્લી બંને વિકેટ શાહબાજ નદીમે ઝડપી હતી. ચોથા દિવસે માત્ર નવ મિનિટમાં બે ઓવરમાં મેચ ભારતે

● અનુસંધાન પાન-૭ પર

સેંસેક્સ ૩૩૫ પોઇન્ટ ઘટ્યો

મુંબઇ, તા. ૨૨

શેરબજારમાં આજે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. આઈટી સર્વિસની મહાકાય કંપની ઈન્ફોસીસમાં તીવ્ર વેચવાલી જોવા મળી હતી. આ ઉપરાંત અન્ય શેરોમાં પણ વેચવાલી રહેતા કારોબારના અંતે સેંસેક્સમાં ઘટાડો રહ્યો હતો. બીએસઈ સેંસેક્સ આજે ૩૩૫ પોઇન્ટ ઘટીને ૩૮૯૬૪ની નીચી સપાટીએ રહ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં આજે ત્રણ ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો જ્યારે ઈન્ફોસીસના શેરમાં છ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. બીએસઈ સેંસેક્સની ૩૦ કંપનીઓ પૈકીની ૧૫ કંપનીઓના શેરમાં ઘટાડો રહ્યો હતો જ્યારે બાકીના ૧૫ શેરમાં તેજી રહી હતી. ઈન્ડેક્સમાં આજે કારોબાર દરમિયાન ૩૯૪૨૬ અને ૩૮૯૨૫ની ક્રમશઃ ઉંચી અને નીચી સપાટી જોવા મળી હતી. ઈન્ફોસીસ, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલના શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસીના શેરમાં મોટો ઘટાડો રહ્યો હતો.

બેંકના ત્રણ લાખ કર્મચારીઓની હડતાળથી આર્થિક વ્યવહારો ખોરવાયા

બેંક કર્મચારીઓની મર્જર અને અન્ય માંગ સાથે હડતાળ

મુંબઇ,તા. ૨૨

જુદી જુદી માંગણીઓને લઇને બે એમ્પ્લોઇઝ યુનિયન આજે રાષ્ટ્રવ્યાપી હડતાળ ઉપર ઉતરી ગયા હતા જેથી દેશના જુદા જુદા ભાગોમાં બેંકિંગ સેવા ખોરવાઈ ગઈ હતી. કેશ ડિપોઝિટ જેવી સેવાઓને માઠી અસર થઇ હતી. બેંકિંગ સ્ટાફ દ્વારા હડતાળ પાડવામાં આવતા ચેક ક્લિયરન્સ અને કાઉન્ટરો ઉપર વિડ્રોઅલની સેવા ખોરવાઈ ગઈ હતી. પબ્લિક સેક્ટર બેંકની શાખાઓમાં સામાન્ય કામગીરી જારી રહી હતી. કારણ કે, આ બેંકોના ઓફિસરો હડતાળમાં જોડાયા ન હતા. એસબીઆઈ સહિતની મોટાભાગની બેંકો તરફથી જણાવવામાં આવ્યું હતું કે, ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઇઝ એસોસિસેશન અને ડીઈએફઆઈ દ્વારા પાડવામાં આવેલી હડતાળમાં તેઓ સામેલ થઇ રહ્યા નથી. ડિપોઝિટ રેટમાં ઘટાડા અને બેંક મર્જર સામેના વિરોધમાં હડતાળ પાડવામાં આવી હતી. બેંક કર્મચારીઓની રાષ્ટ્રીય વ્યાપી હડતાળના કારણે આજે સેવા પર માઠી અસર થઇ હતી. સરકારીલેવડદેવદને પણ અસર થઇ હોવાના હેવાલ મળ્યા છે. ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઇઝ

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં દિવાળી ઉજવશે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી ૨૪મી ઓક્ટોબરના રોજ વ્હાઈટહાઉસમાં દિવાળીની ઉજવણી કરશે. ટ્રમ્પ વ્હાઈટહાઉસમાં દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરાવશે. ટ્રમ્પે ચૂંટણી જીત્યા બાદ આ પરંપરા શરૂ કરી હતી.

મેહુલ ચોકસી કેસમાં બે નવી અરજી

પીએનબી કૌભાંડના આરોપી મેહુલ ચોકસીના કેસમાં મુંબઈમાં આવેલી સીબીઆઈ કોર્ટમાં બે અરજી કરવામાં આવી છે. ચોકસીના વકીલ તરફથી એક અરજી અને બીજી અરજી ગીતાંજલિ જેમ્સના પૂર્વ નિયામકે કરી હતી.

ચિદમ્બરમને જામીન મંજુર છતાં ઈડીની કસ્ટડીમાં રહેવું પડશે

નવી દિલ્હી,તા. ૨૨

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રિય પ્રધાન પી. ચિદમ્બરમને આઇએનએક્સ મિડિયા કેસના મામલામાં આજે સુપ્રીમ કોર્ટ તરફથી જામીન મળી ગયા હતા. જો કે હાલમાં તેમને જેલમાં જ રહેવુ પડશે. કારણ કે તેઓ ઈડીની કસ્ટડીમાં છે. સુપ્રીમ કોર્ટે રાહત આપી છે પરંતુ ચિદમ્બરમની મુશ્કેલી હાલમાં ઓછી થનાર નથી. કારણ કે તેમની સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પણ સકંજો મજબુત બનાવ્યો છે. સુપ્રીમ કોર્ટે સીબીઆઈની કસ્ટડીમાં રાહત આપી છે. જો કે ઈડીની કસ્ટડીમાં રહેલા છે.

● અનુસંધાન પાન-૭ પર